GJDH030027942025

રજુ તારીખ :૨૬/૦૬/૨૦૨૫
દાખલ તારીખ :૨૬/૦૬/૨૦૨૫
જજમેન્ટ તારીખ:૧૩/૦૮/૨૦૨૬
અવધિ :વર્ષ–માસ–દિન
૦૧– ૦૧– ૦૪

નામદાર સુપ્રીમ કોર્ટના **SUO MOTO WRIT(CRL) NO.(S)** 1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર **VI** ના **179–A** અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તારીખ : ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

## FORM–A

---

દેવગઢ બારીઆના મહેરબાન એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. દેવગઢ બારીઆ, જિલ્લો – દાહોદ.

---

શ્રી એસ. ઓ. ગર્ગ, એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, દેવગઢ બારીઆ.

ચુકાદાની તારીખ – **૧૩/૦૮/૨૦૨૬**

ક્રીમીનલ કેસ નંબર: ૨૪૭૪/૨૦૨૫

આંક–

| એફઆઇઆરની વિગતો/ ગુનો અને પોલીસ સ્ટેશન. | |
|---|---|
| પોલીસ સ્ટેશન | સાગટાળા પોલીસ સ્ટેશન. |
| ગુનો | ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ – ૬૫ઇ, ૮૧, ૯૮(૨), ૧૧૬બી |
| તોહમતનામાં મુજબ તોહમત | ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ – ૬૫ઇ, ૮૧, ૯૮(૨), ૧૧૬બી |
| ફરીયાદી | શ્રી સરકાર |
| વિદ્બાન સ્પે. એ પી પી શ્રી | જે. આર. લાલપુરવાલા |
| આરોપી | (૧) દિનેશભાઇ બુડીયાભાઇ રાઠવા,<br>રહે.– નવાગામ, તડવાલા ફળીયુ, તા. જિ. છોટા ઉદેપુર.<br>(૨) મુકેશભાઇ છત્રસીંહ પટેલીયા,<br>રહે. સરસાવ, ટેકરી ફળીયુ, તા. ગોધરા, જિ. પંચમહાલ. |
| આરોપી તરફે વિદ્બાન વકીલ શ્રી | એન. એ. વણકર |

## FORM–B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૭/૦૧/૨૦૨૫. |

| | |
|---|---|
| ફરિયાદની તારીખ | ૨૭/૦૧/૨૦૨૫. |
| ચાર્જશીટની તારીખ | ૨૬/૦૬/૨૦૨૫. |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૨૫/૦૭/૨૦૨૫. |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૨૫/૦૭/૨૦૨૫. |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ | ૧૩/૦૮/૨૦૨૬. |
| ચુકાદા તારીખ | ૧૩/૦૮/૨૦૨૬. |
| સજાના હુકમની તારીખ જો હોય તો | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપક ની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા હોય છે કે કસૂરવાર? | શું સજા કરી | ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ: ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તારીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | દિનેશભાઇ બુડીયાભાઇ રાઠવા. | ૦૮/૦૫/૨૦૨૫ | – | ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ – ૬૫ઇ, ૮૧, ૯૮(૨), ૧૧૬બી | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |
| ૨. | મુકેશભાઇ છત્રસીંહ પટેલીયા. | ૧૧/૦૫/૨૦૨૫ | – | ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ – ૬૫ઇ, ૮૧, ૯૮(૨), ૧૧૬બી | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |

## FORM–C

ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ.

ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો

(અ) ફરિયાદ પક્ષ તરફે

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી – સુરજીતસીંહ દશરથસીંહ સરવૈયાની જુબાની | ૦૯ |
| ૨ | પંચસાહેદ – બળવંતભાઇ બીજલભાઇ રાઠવાની જુબાની | ૧૧ |
| ૩ | પંચસાહેદ – મુકેશભાઇ સર્જનભાઇ રાઠવાની જુબાની | ૧૪ |
| ૪ | સાહેદ – ખુશવંતભાઇ રયજીભાઇ વરીયાની જુબાની | ૧૮ |
| ૫ | સાહેદ – શૈલેષભાઇ ભેમાભાઇ પુજારાની જુબાની | ૧૯ |
| ૬ | ત.ક.અ. – ગીરીરાજસીંહ બળવંતસીંહ પરમારની જુબાની | ૨૧ |
| ૭ | ત.ક.અ. – ધર્મેશ સંપતરાવ લાડની જુબાની | ૨૬ |

(બી) બચાવ પક્ષે જો સાહેદ હોય તો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

(સી) કોર્ટ તરફે સાહેદ.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજી પુરાવો

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૦ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું તથા મુદ્દામાલ રીકવરી પંચનામું | ૧૨ |
| ૩ | મિલ્કત જપ્તી પંચનામું | ૧૩ |
| ૪ | બી.એન.એસ. કલમ–૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર | ૨૨ |
| ૫ | સુચીપત્ર | ૨૩ |
| ૬ | આર.ટી.ઓ. દાહોદનાઓએ મોકલેલ ફોર્મ નં. ૨૪ | ૨૪ |

| | | |
|---|---|---|
| ૭ | એફ.એસ.એલ. રવાનગી પત્રક | ૨૭ |
| ૮ | એફ.એસ.એલ. રીપોર્ટ | ૨૮ |

બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

મુદ્દામાલની વિગત

| અ.નં. | વિગત |
|---|---|
| ૧ | સાગટાળા પો.સ્ટે. મુદ્દામાલ પાવતી ન. ૪૭/૨૦૨૫ માં જણાવ્યા મુજબ |

–:જજમેન્ટ :–

1. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૨૭/૦૧/૨૦૨૫ ના કલાક ૧૧:૩૦ થી કલાક ૧૨:૩૦ વાગ્યા દરમ્યાન મોજે માંડવ ગામે આ કામના આરોપી નં. ૧ નાએ પોતાની માલીકીના મહીન્દ્રા ટેકટર નં. જી.જે.–૩૪.–એચ.–૦૫૬૦ ના ટેલરમાં મોટા પ્રમાણમાં પ્રોહી પ્રતીબધંક એરીયામાં ગેરકાયદેસર રીતે વેચાણ કરવાના ઈરાદે ભારતીય બનાવટના વિદેશી દારૂના માઉન્ટસ ૬૦૦૦ ઓરીજનલ સુપર સ્ટોંગ ૫૦૦ મી.લી.ના પતરાના ટીન બિયર નંગ–૧૨૦૦ ની કિંમત રૂ. ૧,૫૬,૦૦૦/– તથા ગોવા સ્પીરીટ ઓફ સ્મુથનેશ વ્હીસ્કીના ૧૮૦ મી.લી.ના પ્લાસ્ટીકના કવાટર નંગ–૪૦૦૦ ની કિંમત રૂ. ૫,૪૦,૦૦૦/– તથા લંડન પ્રાઈડ પ્રીમીયમ વ્હીસ્કીના ૧૮૦ મી.લી.ના કાચના કવાટર નંગ–૩૩૬ ની કિંમત રૂ. ૫૭,૧૨૦/– તથા લંડન પ્રાઈડ ઓરંજ ફલેવર વોડકા ૧૮૦ મી.લી.ના કાચના કવાટર નંગ–૪૮ની કિંમત રૂ. ૭,૨૦૦/– મળી કુલ બોટલ નંગ–૫,૫૮૪/– ની કુલ કિંમત રૂ. ૭,૬૦,૩૨૦/– પ્રોહી મુદ્દામાલ ભરી દેશીંગભાઈ રતનાભાઈ રાઠવા રહે. નવાગામ, નિશાળ ફળિયુ, તા.જી.છોટાઉદેપુરનો ડાઈવર તરીકે ઉપયોગ કરી તથા કીશનભાઈ બચુભાઈ રાઠવા રહે. નગવાવ, ભગત ફળિયુ, તા.જી.છોટાઉદેપુર પાસે તેની એકટીવા ઉપર પાયલોટીંગ કરાવી તથા પોલીસ વોચ દરમ્યાન સ્થળ ઉપર મુદ્દામાલ તથા

ટેકટર મુકી આ કામના આરોપી નં. ૧ નાસી ગયેલ અને ડ્રાઈવર પકડાઈ ગયેલ અને તેની પાસેથી એક મોબાઈલ જેની કિંમત રૂ. ૫,૦૦૦/- તથા ટેલર કિંમત રૂ. ૨,૫૦,૦૦૦/- મળી કુલ કિંમત રૂ. ૧૦,૧૫, ૩૨૦/-નો મુદ્દામાલ પકડાઈ ગયેલ અને આરોપી નં. ૨ નાઓએ ઉપરોકત કિંમતનો મુદ્દામાલ ગેરકાયદેસર રીતે પ્રોહી પ્રતિબંધીત એરીયામાં વેચાણ કરવા સારૂ મંગાવી બંને આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં પ્રોહી પ્રતિબંધક એરીયામાં ગેરકાયદેસર રીતે વિદેશી દારૂ વેચાણ કરવાના ઈરાદે હેરાફેરી કરી ગુનો કરેલ છે. જે મતલબની ફરિયાદ ફરિયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ સાગટાળા પોલીસ સ્ટેશનમાં આપતાં, સાગટાળા પોલીસ સ્ટેશને પાર્ટ સી ગુના રજીસ્ટર નં. ૧૧૮૨૧૦૫૦૨૫૦૧૦૫/૨૦૨૫ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે, આ કામના આરોપી વિરૂધ્ધ ધી પ્રોહી. એકટની કલમ-૬૫ઈ, ૮૧, ૯૮(૨), ૧૧૬બી મુજબના શિક્ષાનેપાત્ર ગુનાનું આંક-૦૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

2. પોલીસ અહેવાલ રજુ થતાં, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા કલમ-૨૧૦(૧)(ખ) આધારે આરોપીઓ વિરૂધ્ધ ધી પ્રોહી. એકટની કલમ-૬૫ઈ, ૮૧, ૯૮(૨), ૧૧૬બી મુજબના ગુન્હા અંગેનું સંજ્ઞાન લઈ, કલમ-૨૨૭ અન્વયે સમન્સ કરતા, હાજર થતાં, કલમ-૨૩૦ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, કલમ-૨૬૩ મુજબ વિગતવારનું તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવતા સમજાવતા ગુન્હા અંગે પુછવામાં આવતા ઈન્કાર કરતા, કલમ-૨૬૫ મુજબ ફરીયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

3. ત્યારબાદ પડેલ પુરાવા ઉપરથી આ કામના આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમા આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે જાતે સોગંદ પર પુરાવો આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને ખોટી રીતે સંડોવી દઈ ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

4. ત્યારબાદ વિ.વ.શ્રી.ઓની દલીલો સાંભળવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી દ્વારા ખુબજ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

**5.** સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા,ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-//મુદ્દા//-**

**5.1.** શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૭/૦૧/૨૦૨૫ ના કલાક ૧૧:૩૦ થી કલાક ૧૨:૩૦ વાગ્યા દરમ્યાન મોજે માંડવ ગામે આ કામના આરોપી નં. ૧ નાએ પોતાની માલીકીના મહીન્દ્રા ટેકટર નં. જી.જે.-૩૪.-એચ.-૦૫૬૦ ના ટેલરમાં મોટા પ્રમાણમાં પ્રોહી પ્રતીબધંક એરીયામાં ગેરકાયદેસર રીતે વેચાણ કરવાના ઈરાદે ભારતીય બનાવટના વિદેશી દારૂના માઉન્ટસ ૬૦૦૦ ઓરીજનલ સુપર સ્ટોંગ ૫૦૦ મી.લી.ના પતરાના ટીન બિયર નંગ-૧૨૦૦ ની કિંમત રૂ. ૧,૫૬,૦૦૦/- તથા ગોવા સ્પીરીટ ઓફ સ્મુથનેશ વ્હીસ્કીના ૧૮૦ મી.લી.ના પ્લાસ્ટીકના કવાટર નંગ-૪૦૦૦ ની કિંમત રૂ. ૫,૪૦,૦૦૦/- તથા લંડન પ્રાઈડ પ્રીમીયમ વ્હીસ્કીના ૧૮૦ મી.લી.ના કાચના કવાટર નંગ-૩૩૬ ની કિંમત રૂ. ૫૭,૧૨૦/- તથા લંડન પ્રાઈડ ઓરંજ ફ્લેવર વોડકા ૧૮૦ મી.લી.ના કાચના કવાટર નંગ-૪૮ની કિંમત રૂ. ૭,૨૦૦/- મળી કુલ બોટલ નંગ- ૫,૫૮૪/- ની કુલ કિંમત રૂ. ૭,૬૦,૩૨૦/- પ્રોહી મુદ્દામાલ ભરી દેશીંગભાઈ રતનાભાઈ રાઠવા રહે. નવાગામ, નિશાળ ફળિયુ, તા.જી.છોટાઉદેપુરનો ડાઈવર તરીકે ઉપયોગ કરી તથા કીશનભાઈ બચુભાઈ રાઠવા રહે. નગવાવ, ભગત ફળિયુ, તા.જી.છોટાઉદેપુર પાસે તેની એકટીવા ઉપર પાયલોટીંગ કરાવી તથા પોલીસ વોચ દરમ્યાન સ્થળ ઉપર મુદ્દામાલ તથા ટેકટર મુકી આ કામના આરોપી નં. ૧ નાસી ગયેલ અને ડ્રાઈવર પકડાઈ ગયેલ અને તેની પાસેથી એક મોબાઈલ જેની કિંમત રૂ. ૫,૦૦૦/- તથા ટેલર કિંમત રૂ. ૨,૫૦,૦૦૦/- મળી કુલ કિંમત રૂ. ૧૦,૧૫, ૩૨૦/-નો મુદ્દામાલ પકડાઈ ગયેલ અને આરોપી નં. ૨ નાઓએ ઉપરોકત કિંમતનો મુદ્દામાલ ગેરકાયદેસર રીતે પ્રોહી પ્રતિબંધીત એરીયામાં વેચાણ કરવા સારૂ મંગાવી બંને આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં પ્રોહી પ્રતિબંધક એરીયામાં ગેરકાયદેસર રીતે વિદેશી દારૂ વેચાણ કરવાના ઈરાદે હેરાફેરી કરી પ્રોહી. એકટની કલમ-૬૫ઇ, ૮૧, ૯૮(૨), ૧૧૬બી મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

**5.2.** શું અંતિમ હુકમ ?

**6.** ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

**6.1.** નકારમાં,

**6.2.** આખરી હુકમ મુજબ.

<u>–: નિર્ણયો માટેના કારણો :–</u>

**7.** મુદ્દા નં. ૧ વિશે ચર્ચા :–

**7.1.** વર્તમાન આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે.

<u>–: ફરિયાદ પક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન:–</u>

**7.2.** આ કામે ફરિયાદપક્ષે પંચસાહેદ બળવંતભાઇ બીજલભાઇ રાઠવાનાઓને આંક–૧૧ થી તથા બીજા પંચસાહેદ મુકેશભાઇ સર્જનભાઇ રાઠવાનાઓને આંક–૧૪ થી તપાસેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે પોલીસે એક લખેલા કાગળ ઉપર સહિ કરવાનું કહેતાં તેઓએ સહિ કરી આપેલી. પંચનામુ કઇ બાબતનો હતો તે તેઓને ખબર નથી. તેમજ પંચનામુ તેઓએ વાંચેલ નથી કે પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નથી. જે પંચનામાં આંક–૧૨ તથા આંક–૧૩ થી રજુ છે. આમ સદર પંચસાહેદે પંચનામા અનુરૂપ જુબાની આપેલ ન હોય સદર પંચસાહેદને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. જેથી આંક–૧૨ તથા આંક–૧૩ વાળા પંચનામાં પુરવાર થતાં નથી.

**7.3.** આ કામે ફરિયાદ પક્ષે ફરિયાદી સુરજીતસીંહ દશરથસીંહ સરવૈયાનાઓને આંક–૦૯ થી તપાસેલ છે. જેઓએ ફરિયાદને સમર્થન કરતો પુરાવો આપેલ છે. જયારે સદર ફરિયાદી આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ કબજે લીધેલ મુદ્દામાલ સામાનને તપાસ અર્થે મોકલેલ તેમાં પંચોની સહિવાળી કાપલી મુકેલ. જે પંચો પૈકી એક પંચનું નામ બળવંતભાઇ હતુ. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે હાલના આરોપીઓના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ કબજે કરેલ નહી.

**7.4.** સદર કામે ફરિયાદ પક્ષે આંક–૧૮ થી સાહેદ ખુશવંતભાઇ રયજીભાઇ વરીયાનાઓને તથા આંક–૧૯ થી સાહેદ શૈલેષભાઇ ભેમાભાઇ પુજારાનાઓને તપાસેલ છે. જેઓએ ફરિયાદ પક્ષને સમર્થન કરતો પુરાવો આપેલ છે. જયારે સદર સાહેદો આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ સ્થળ દેવગઢ બારીઆથી છોટા ઉદેપુર જવાના મેઈન હાઈવે ઉપર આવેલ છે અને ત્યાં તે રોડ ઉપર ઘણાં બધા વાહનો તથા માણસોની અવર જવર રહે છે. તેઓ બનાવ સ્થળ ઉપર ૧૦:૪૫ વાગે પહોચેલા. તેઓ રેડ સમયે ખાગની વાહનનો ઉપયોગ કરેલો. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે જે ખાનગી વાહન તેઓએ રેડમાં ઉપયોગમાં લીધેલ તેનો રજીસ્ટ્રેશન નંબર ફરિયાદમાં જણાવેલ નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે તેઓ પો.સ્ટે.થી પેટ્રોલીંગમાં નીકળેલા તેની નોંધ સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ નહી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ સ્થળે આરોપીના ઓળખ અંગેનો પુરાવો મેળવેલ નહી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે તેઓની હાજરીમાં વાહનની માલીકી અંગેનો કોઈ પુરાવો મેળવેલ હોય તેવુ બનેલુ નહી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે હાલના આરોપીઓના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ નહી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે મુદ્દામાલનુ પંચનામુ પો.સ્ટે. માં કરેલુ.

**7.5.** સદર કામે ફરિયાદ પક્ષે આંક–૨૧ થી ત.ક.અ. ગીરીરાજસીંહ બળવંતસીંહ પરમારનાઓને તપાસેલ છે. જેઓએ ફરિયાદ પક્ષને સમર્થન કરતો પુરાવો આપેલ છે. જયારે સદર ત.ક.અ. આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી બાતમી તેઓની સાથેના એ.એસ.આઈ. શ્રી ખુશવંતભાઈ રયજીભાઈને મળેલી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે સાગટાળા પો.સ્ટે. થી બાતમીવાળી જગ્યા માંડવ ગામે પહોચવુ હોય તો વાહનથી જતાં ૧૦ મીનીટનો સમય લાગે. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે તેઓ બનાવવાળા સ્થળે પહોચેલા તે સમયે બનાવવાળા રોડ ઉપર ઘણાં માણસો તથા વાહનોની અવર જવર હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જે વાહનની બાતમી હતી તેની જ વોચમાં હતા. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યાની આસપાસ છુટા છવાયા રહેણાંક મકાનો આવેલા છે. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યાની આસપાસ આવેલ તરીકે બોલાવેલ છુટા છવાયા મકાનોના રહીશોને પંચ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પંચના માણસોને તેઓની સાથેના

એ.એસ.આઈ. ખુશવતંભાઈ રચજીભાઈ બોલાવી લાવેલા અને તે માંડવ ગામના રહીશ છે. પંચોના નામ મુકેશભાઈ અને બળવંતભાઈ છે. પુરા નામ હાલ મને યાદ નથી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે હાલના આરોપીઓના પ્રત્યક્ષ કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ નહી. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે તેઓની તપાસ દરમ્યાન પોલીસ સાહેદ સિવાય અન્ય સાહેદોના નિવેદન લીધેલ નહી.

**7.6.** સદર કામે ફરિયાદ પક્ષે આંક–૨૬ થી ત.ક.અ. ધર્મેશ સંપતરાવ લાડનાઓને તપાસેલ છે. જેઓએ ફરિયાદ પક્ષને સમર્થન કરતો પુરાવો આપેલ છે. જયારે સદર ત.ક.અ. આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ તા. ૨૭/૦૧/૨૦૨૫ ના રોજ બનેલો અને તેનો મુદ્દામાલ એફ.એસ.એલ. ખાતે તા. ૧૨/૦૩/૨૦૨૫ ના રોજ મોકલવામાં આવેલ છે. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે આ ગુનો બન્યા પછી પણ અન્ય ગુનાનો મુદ્દામાલ તેઓના પો.સ્ટે. માં આવેલ હતો. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યા હાઈવે રોડ છે. તેમજ એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે આ કામે બનાવવાળી જગ્યાના સ્થાનીકના નિવેદન તેઓએ આ કામે લીધેલ નથી.

**7.7.** ફોજદારી કેસમાં ફરિયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકારહીત પુરવાર કરવાનો રહે છે ત્યારે ફરિયાદ પક્ષે આરોપી વિરુધ્ધ મુખ્યત્વે આક્ષેપિત ગુના અંગેની ફરિયાદ આપવામાં આવેલ હોવાની હકીકત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે. ત્યારે હાલના કેસમાં ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં મૌખિક પુરાવો રજુ કરેલ છે. જે પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ છે.

**7.8.** In the case of **SATISH MEHRA VS DELHI ADMINISTRATION,** 1996 (0) **AIJEL–SC**25516 The Hon'ble Supreme Court held that,

*"15. When the judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding the trial only for the purpose of formally completing the pronouncing the conclusion on a future date."*

**8.** આમ, ફરિયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને તથા વંચાણે લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા **STATE OF GUJARAT V. SURESHBHAI S PATEL,** 2010 (0) **AIJEL–HC** 224081, નીચે મુજબ ઠરાવેલ છે.

> *15.The Trial Court has, after appreciating the oral as well as documentary evidence, found that pancha witness – Kantibhai Kikabhai declared hostile. It is also observed by the learned Magistrate that panch witness Kantibhai did not support the Panchnama at Exhibit 7. It is also observed by the learned Magistrate that the complainant has not mentioned as to how many bottles of which brand he has seized.* ***It is also observed by the learned Magistrate that when panchas are turned hostile and did not support the case of the complainant, it would not be appropriate to solely rely upon the evidence of complainant. Thus, the prosecution has failed to prove its case beyond reasonable doubt against the respondent–accused.***

આમ, ઉપરોક્ત કેસમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, પંચસાહેદો ફરિયાદ પક્ષને સમર્થન આપતાં ના હોય તેમજ ફરિયાદીની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરેટીવ પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત ફરિયાદીની જુબાની પર આધાર રાખીને કે સાબિત થયેલાનું માની શકાય નહીં. આ સંજોગોમાં પંચનામાને પંચસાહેદોના પુરાવાથી લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી મુદ્દામાલની રીકવરી પુરવાર થતી નથી. જેથી આરોપીને તેનો લાભ મળવા પાત્ર છે. આ કામે પંચો સિવાયના સાહેદ પોલીસ સ્ટાફના માણસ છે અને તેઓ રસ ધરાવતાં અને હિત ધરાવતાં સાહેદો છે તેઓના પુરાવાને અન્ય કોઈ સ્વતંત્ર અને તટસ્થ કહી શકાય તેવા કોઈ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આ કામે ફરિયાદ પક્ષના પુરાવાને ધ્યાને લેતા બનાવવાળી જગ્યા એ જાહેર જગ્યા છે અને બનાવવાળી જગ્યાએ વાહનો તથા માણસોની અવર જવર રહે છે. આમ, બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ છે. તેમ છતાં તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જસીટ ધ્યાનમાં લેતાં તેઓએ માત્ર પોલીસ સાહેદોના જ

નિવેદન લીધેલા છે ત્યારે ફરિયાદ પક્ષના કેસ બાબતે શંકા ઉભી થાય છે. વધુમાં ફરિયાદ પક્ષના પુરાવાના વિરોધાભાસના કારણે ફરિયાદ પક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ ફરિયાદ પક્ષે પોતાનો કેસ શંકા રહીત સાબિત કરવાનો હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવાપાત્ર છે. આમ, ફરિયાદપક્ષ પોતાનો કેસ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ તથા ક્રિમીનલ જયુરીસ્પુન્ડન્સના પ્રસ્થાપિત સિધ્ધાંતો અનુસાર સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત હકીકત અને ચર્ચાને ધ્યાનમાં લઈ ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેવા  નિર્ણય ઉપર આવી મુદ્દા નં. (૧) નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. (૨) પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુ ક મ ::–**

1. આ કામના આરોપી **(૧) દિનેશભાઈ બુડીયાભાઈ રાઠવા, રહે.– નવાગામ, તડવાલા ફળીયુ, તા. જિ. છોટા ઉદેપુર., (૨) મુકેશભાઈ છત્રસીંહ પટેલીયા, રહે. સરસાવ, ટેકરી ફળીયુ, તા. ગોધરા, જિ. પંચમહાલનાઓને** ભારતીય નાગરિક સુરક્ષા સહિતા ની કલમ–૨૭૧(૧) હેઠળ પ્રોહી. એકટની કલમ–૬૫ઇ, ૮૧, ૯૮(૨), ૧૧૬બી મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા માંથી શંકાનો લાભ આપી ગેરહાજરીમાં છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

2. આ કામે કબજે કરવામાં આવેલ વિદેશી દારૂનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નિકાલ કરવો. મુદ્દામાલ તરીકે વાસણો તથા નાણાં હોય તો તે સરકાર ખાતે ખાલસા કરવો તથા મુદ્દામાલ વાહન કે મોબાઈલ હોય તો કામ ચાલતાં દરમ્યાન જો કોઈ હુકમ થયેલ હોય તો તે યથાવત રાખવામાં આવે છે, અને જો આવો હુકમ ન થયેલ હોય તો મુદ્દામાલ વાહન તથા મોબાઈલનો અપીલ સમય પત્યા બાદ કોઈપણ વ્યકિત કે સંસ્થા તરફથી વાહન અંગે કલેઈમ ન હોય તો **નામદાર સર્વોચ્ચ અદાલતના સુંદર અંબાલાલ દેસાઈ વર્સીસ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં** પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબની કાર્યવાહી સંબંધીત પી.એસ.આઈ. શ્રીનાઓએ અનુસરીને અત્રેની કોર્ટને રીપોર્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

3. આ કામના આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૪૮૧ મુજબ આપેલ જામીન છ મહિના સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો:– આજરોજ તા. ૧૩મી, માહે – ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ– ૧૩/૦૮/૨૦૨૬**
**સ્થળઃ – દેવગઢ બારીઆ**

**( સંજયકુમાર ઓ. ગર્ગ )**
**એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**દેવગઢ બારીઆ**
**કોડ નં. જીજે૦૧૭૩૮.**